# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 15-04-2025** **EVENING : 7.50 to 8.00**
**Day : TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **ચૈતાલી જોશી** વાંચે છે.

**************************************************

1) પરિવહન અને ધોરીમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ દેશમાં દરરોજ 100 કિલોમીટર ધોરીમાર્ગો બનાવવાનું લક્ષ્ય રાખ્યું.

2) નેશનલ હેરાલ્ડ કેસમાં મની લોન્ડરિંગના આરોપસર ED એ કોંગ્રેસ નેતાઓ સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને અન્યો સામે આરોપનામું દાખલ કર્યું.

3) વિદેશ મંત્રી ડોક્ટર એસ જયશંકરે જણાવ્યું છે કે, નરેન્દ્ર મોદી સરકાર આવ્યા પછી ભારતે પાકિસ્તાન વિરુધ્ધ કડક વલણ અપનાવ્યું

4) કોંગ્રેસના સાંસદ અને વરિષ્ઠ નેતા રાહુલ ગાંધી આવતીકાલે ગુજરાતના અરવલ્લી જિલ્લાના મોડાસામાં પક્ષના સંગઠન સર્જન અભિયાનનો પ્રારંભ કરશે.

5) દેશમાં નૈઋત્યનું ચોમાસુ સામાન્યથી વધુ રહેવાની હવામાન વિભાગની આગાહી.

6) I.P.L. માં પંજાબ કિંગ્સે કોલકાતા નાઈટ રાઈડર્સ સામે ટૉસ જીતીને બેટિંગ પસંદ કરી.

**************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે આવતીકાલે સવારે ૭ વાગ્યેને ૧૦ મિનિટે આપ પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# Gadkari-AIMA

માર્ગ, પરિવહન અને ધોરીમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ દેશના માળખાગત વિકાસના મહત્વ પર ભાર મૂક્યો અને દરરોજ 100 કિલોમીટર ધોરીમાર્ગો બનાવવાનું લક્ષ્ય રાખ્યું. ઓલ ઈન્ડિયા મેનેજમેન્ટ એસોસિએશન- AIMA ના 10મા રાષ્ટ્રીય નેતૃત્વ પરિષદને સંબોધતા, તેમણે કહ્યું કે આગામી 18 મહિનામાં, દેશનું રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અમેરિકા કરતા વધુ સારું થઈ જશે.

(BYTE: NITIN GADKARI)

આ પરિષદ એક વિચારશીલ નેતૃત્વ મંચ  છે જે ભારતીય અર્થતંત્ર અને રાષ્ટ્રના એકંદર વિકાસ માટે આગળ વધવાના માર્ગ પર રચનાત્મક સંવાદ માટે વિવિધ હિતધારકોને એકસાથે લાવે છે.

# ED - CHARGESHEET

નેશનલ હેરાલ્ડ કેસમાં મની લોન્ડરિંગના આરોપસર એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે કોંગ્રેસ નેતાઓ સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને અન્ય લોકો સામે આરોપનામું દાખલ કર્યું છે.

ખાસ જજ વિશાલ ગોગને ચાર્જશીટની તપાસ કરી અને 25 એપ્રિલના રોજ આગળની કાર્યવાહી માટે કેસ મુલતવી રાખ્યો છે.

ચાર્જશીટમાં કોંગ્રેસ નેતા સેમ પિત્રોડા અને સુમન દુબેનું પણ નામ આરોપી તરીકે છે.

# ED-VADRA

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ- ED એ આજે કોંગ્રેસના વરિષ્ઠ નેતા પ્રિયંકા ગાંધી વાડ્રાના પતિ રોબર્ટ વાડ્રાની હરિયાણામાં જમીન સોદા સાથે જોડાયેલી મની-લોન્ડરિંગ તપાસના સંદર્ભમાં પૂછપરછ કરી હતી. આ કેસ શ્રી વાડ્રાની કંપની દ્વારા ગુરુગ્રામમાં જમીન ખરીદવા સાથે સંબંધિત છે. વહેલી સવારે શ્રી વાડ્રા એજન્સી સમક્ષ હાજર થવા માટે રાષ્ટ્રીય રાજધાની સ્થિત ED ઓફિસ પહોંચ્યા હતા.

# S Jaishankar Evening

કેન્દ્રીય વિદેશ મંત્રી ડૉક્ટર એસ જયશંકરે જણાવ્યું છે કે, 2014માં નરેન્દ્ર મોદી સરકાર આવ્યા પછી ભારતે પાકિસ્તાન વિરુધ્ધ કડક વલણ અપનાવ્યું છે અને નક્કર સંદેશો આપ્યો છે. તેમણે જણાવ્યું કે, ભારત માટે આઇટી એટલે ઇન્ફર્મેશન ટેકનોલોજી, પણ પાકિસ્તાન માટે આઇટીનો અર્થ છે ઇન્ટરનેશનલ ટેરરિઝમ.

શ્રી જયશંકરે આણંદ પાસે ચાંગા ખાતે ચરોતર યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી- CHARUSAT ખાતે વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરતા જણાવ્યું કે, પાકિસ્તાન માટે ત્રાસવાદ બ્રાન્ડિંગ છે, જ્યારે ભારત માટે ટેકનોલોજી બ્રાન્ડિંગ છે.

ગઇ કાલથી નર્મદા જિલ્લાની બે દિવસની મુલાકાતે આવેલા  વિદેશ મંત્રીએ જિલ્લાના નાગરિકોને 11 કરોડ 66 લાખ રૂપિયાનાં વિકાસ કામોની ભેટ આપી.

# Murshidabad- situation normal

પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદના હિંસાગ્રસ્ત વિસ્તારોમાં પરિસ્થિતિ ધીમે ધીમે સામાન્ય થઈ રહી છે. પોલીસ, કેન્દ્રીય દળો અને RAF જિલ્લાના તણાવપૂર્ણ વિસ્તારોમાં પેટ્રોલિંગ કરી રહ્યા છે. દુકાનો અને વ્યવસાયિક સંસ્થાઓ ધીમે ધીમે ફરી ખુલી રહી છે. દરમિયાન, પોલીસે ગયા અઠવાડિયે બે વ્યક્તિઓની હત્યાના સંદર્ભમાં બે વ્યક્તિઓની ધરપકડ કરી છે. સમશેરગંજ, સુતી અને રઘુનાથગંજમાંથી અત્યાર સુધીમાં કુલ 223 લોકોની ધરપકડ કરવામાં આવી છે. અફવા ફેલાવવાના આરોપસર પોલીસ અને વહીવટીતંત્રે 1 હજાર 93 સોશિયલ મીડિયા પ્રોફાઇલ બ્લોક કરી છે.

# PM-DENMARK PM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ડેનમાર્કનાં પ્રધાનમંત્રી મેટ્ટે ફ્રેડરિકસેન સાથે વાત કરી. ટેલિફોનિક વાતચીત દરમિયાન, બંને નેતાઓએ ભારત-ડેનમાર્ક ગ્રીન સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ માટે તેમના મજબૂત સમર્થનની પુષ્ટિ કરી અને બંને દેશોના લોકોના હિત માટે વિવિધ ક્ષેત્રોમાં સહયોગ વધારવાની ચર્ચા કરી. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ કહ્યું કે તેમણે અને શ્રીમતી ફ્રેડરિકસેને પરસ્પર હિતના પ્રાદેશિક અને વૈશ્વિક વિકાસની પણ ચર્ચા કરી.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# Kerala-Kiren Rijiju

કેન્દ્રીય લઘુમતી બાબતોના મંત્રી કિરેન રિજિજુએ કહ્યું છે કે વકફ સુધારો કાયદો લોકોના અધિકારોનું રક્ષણ કરવા અને દેશના કોઈપણ નાગરિકની જમીન ગેરકાયદેસર રીતે હડપ કરવાથી રોકવા માટે કેન્દ્ર સરકારની નીતિનો એક ભાગ છે. કોચીમાં મીડિયા સાથે વાત કરતા શ્રી રિજિજુએ કહ્યું કે વિપક્ષ લોકોને ગેરમાર્ગે દોરી રહ્યું છે અને વકફ સુધારો કાયદો કોઈપણ સમુદાયને લક્ષ્ય બનાવી રહ્યો નથી અને ઘણા મુસ્લિમ સંગઠનો કાયદાના સમર્થનમાં આગળ આવ્યા છે.

# PREZ-IAS MEET

ભારતીય વહીવટી સેવા, IAS 2023 બેચના અધિકારીઓ આજે રાષ્ટ્રપતિ ભવનમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને મળ્યા હતા. રાષ્ટ્રપતિએ કહ્યું કે સ્થાનિક અને રાજ્યસ્તરે આ અધિકારીઓ દ્વારા કરવામાં આવતા વિકાસ અને જન કલ્યાણના કાર્યો રાષ્ટ્રીય લક્ષ્યોને પ્રાપ્ત કરવામાં મહત્વપૂર્ણ યોગદાન આપશે. તેમણે અધિકારીઓને સલાહ આપી કે તેઓ હંમેશા તેમના અધિકારો અને સનદી કર્મચારીઓની જવાબદારીઓ વચ્ચે સંતુલન જાળવી રાખે.

# AKASHVANI-HYD-DIAMOND JUBILEE

આકાશવાણી હૈદરાબાદ કેન્દ્રની ડાયમંડ જ્યુબિલી ઉજવણી પ્રસંગે આકાશવાણી અને સમાચાર સેવા વિભાગના ડાયરેક્ટર જનરલ ડૉ. પ્રજ્ઞા પાલીવાલ ગૌરે વર્ચ્યુઅલી ડાયમંડ જ્યુબિલી સ્તંભનું અનાવરણ કર્યું હતું. ઓલ ઈન્ડિયા રેડિયો હૈદરાબાદના અધિકારીઓ અને કર્મચારીઓને સંબોધતા, ડૉ. પ્રજ્ઞા પાલીવાલ ગૌરે કહ્યું પ્રસારણ ટેકનોલોજી હવે ડિજિટલ ટ્રાન્સમીટર સુધી આગળ વધી ગઈ છે અને તેના કારણે પ્રસારણ ક્ષમતાઓનો વિસ્તાર થયો છે. તેમણે કહ્યું કે ઇન્ટરનેટ ટેકનોલોજીની વધતા વ્યાપ સાથે, વિવિધ ચેનલો પર કાર્યક્રમોનું જીવંત પ્રસારણ શક્ય બન્યું છે.

શ્રીમતી ગૌરે કહ્યું કે, આકાશવાણી હૈદરાબાદ ગ્રામીણ અને શહેરી વસ્તીમાં ખૂબ જ વધુ વ્યાપ ધરાવે છે અને કેન્દ્ર વસ્તીના વિવિધ વર્ગો માટે સાત ભાષાઓમાં કાર્યક્રમોનું પ્રસારણ કરી રહ્યું છે.

આકાશવાણી હૈદરાબાદની ટીમને અભિનંદન આપતાં, તેમણે લોકોને માહિતી, શિક્ષણ અને મનોરંજન પૂરું પાડવાના કેન્દ્રના મિશનની સતત સફળતાની શુભેચ્છા પાઠવી.

આ પ્રસંગે આકાશવાણી અને દૂરદર્શનના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# RAHUL GANDHI

કોંગ્રેસના સાંસદ અને વરિષ્ઠ નેતા રાહુલ ગાંધી આવતીકાલે ગુજરાતના અરવલ્લી જિલ્લાના મોડાસામાં પક્ષના સંગઠન સર્જન અભિયાનનો પ્રારંભ કરશે.

આજથી ગુજરાતની બે દિવસની મુલાકાતે આવેલા શ્રી ગાંધીએ રાજ્યમાં કોંગ્રેસનાં સંગઠનને મજબૂત કરવાની યોજનાના ભાગ રૂપે આજે પક્ષનાં 40 જેટલાં જિલ્લા નિરીક્ષકો સાથે ચર્ચા વિચારણા કરી હતી.

કોંગ્રેસના મહામંત્રી કે સી વેણુગોપાલે x પર જણાવ્યું કે, પક્ષનો પ્રથમ હેતુ જિલ્લા કોંગ્રેસ સમિતિઓ અને તેમના પ્રમુખનો મજબૂત બનાવવાનો છે.

કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલે જણાવ્યું કે, જિલ્લામાં સૌથી સશક્ત વ્યક્તિને કોંગ્રેસ જિલ્લા પ્રમુખ બનાવશે અને એક કરતા વધારે સશક્ત હોય એમને પ્રદેશ માળખામાં સ્થાન અપાશે. ૪૫ દિવસમાં સંપૂર્ણ કામગીરી પૂર્ણ કરવામા આવશે.

# MONSOON INDIA

હવામાન વિભાગે જણાવ્યું છે કે, આ વર્ષે જૂન મહિનાથી સપ્ટેમ્બર દરમિયાન દક્ષિણ-પશ્ચિમ એટલે કે નૈઋત્યનું ચોમાસુ સામાન્યથી વધુ રહેવાની સંભાવના છે. હવામાન વિભાગના મહાનિદેશક મૃત્યુંજય મહાપાત્રાએ આજે નવી દિલ્હીમાં જણાવ્યું કે, પૂર્વોત્તર, ઉત્તર-પશ્ચિમ અને દક્ષિણ દ્વિપકલ્પ ભારતનાં કેટલાંક ભાગોને બાદ કરતા દેશભરમાં સામાન્યથી વધુ વરસાદ પડશે. તેમણે જણાવ્યું કે, ચોમાસાની મોસમમાં અલ નિનોની સ્થિતિ તટસ્થ રહેવાની સંભાવના છે.

(BYTE: MRUTYUNJAY MAHAPATRA)

# IPL CRICKET

ઇન્ડિયન પ્રીમિયર લીગ- I.P.L. ટી-20 ક્રિકેટમાં પંજાબ કિંગ્સ અને કોલકાતા નાઈટ રાઈડર્સ વચ્ચે મેચ રમાઈ રહી છે. ચંદીગઢના મહારાજા યાદવિન્દ્ર સિંઘ આંતર-રાષ્ટ્રીય ક્રિકેટ સ્ટેડિયમમાં રમાઈ રહેલી મેચમાં પંજાબ કિંગ્સે ટૉસ જીતીને બેટિંગ પસંદ કરી છે.

હાલમાં મળતાં અહેવાલ મુજબ, પંજાબ કિંગ્સે 5 ઓવરમાં 3 વિકેટ ગુમાવી 42 રન બનાવ્યા છે.